ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



શ્વેતા કિરીટ પરેરા
મો. ૭૪૦૫૪ ૩૮૦૬૫



શિવાંગ એમ રાવલ
મો. ૯૯૧૩૪ ૬૮૭૪૫



શ્લોક મેહુલકુમાર રાવલ
મો. ૯૮૨૪૦ ૪૬૬૩૬



દિવ્યરાજસિંહ મોહબતસિંહ મકવાણા
મો. ૭૭૧૪૧ ૭૦૫૭૭







નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર, રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે યુવા દિશા કેન્દ્ર, ગાંધીનગરના આયોજનમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે 'યુવા સંમેલન' યોજવામાં આવ્યું હતું. કેન્દ્રીય યુવા અને રમતગમત બાબતોના મંત્રી વિજયજી ગોયેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ યુવા સંમેલનમાં યુવા દિશા કેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષ અને યુથ બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતા, નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અનિતા ભારતીય, રજનીકાન્ત સુથાર, ઍનઍસઍસના ડૉ. કમલકુમારકર, ગુજરાત સરકારના સચિવ વી કે પટેલ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતીન સોની ઉપસ્થિત રહ્યા હતા. યુવા દિશા કેન્દ્ર પ્રેરિત 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમની વિગતો આપતાં નૅશનલ યુથ ઍવોર્ડી સંજીવ મહેતાએ કેન્દ્રીય મંત્રી તથા સરકારી વિજ્ઞાન કૉલેજને પૂરા કદના સ્વામી વિવેકાનંદની તસવીર ભેટમાં આપી હતી. મંત્રી વિજયજી ગોયેલે પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં યુવાઓએ સંકોચ રાખ્યા વગર પોતાના ધ્યેય તરફ આગળ વધવું જોઈએ એવી સલાહ આપતાં સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ તથા ગાંધીજીની પ્રેરક વાતો દોહરાવી હતી. યુવા સંમેલનની શરૂઆતમાં વિજયજી ગોયેલના શુભ હસ્તે સ્વામી વિવેકાનંદના જીવનચરિત્ર પર આધારિત પ્રદર્શન 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ'નું ઉદ્‌ઘાટન યોજવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથારે પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું, આભાર દર્શન અનિતા ભારતીય દ્વારા કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કૉલેજના ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કેન્દ્રીય મંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ક્રિકેટમાં રાજ્યકક્ષાની ટીમમાં પસંદગી પામેલા તથા રાષ્ટ્રીય કક્ષાએ બીસીસીઆઈ ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર દ્વિતિય વર્ષના વિદ્યાર્થી માનવેન્દ્ર મહેતા, હેન્ડબોલમાં રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ કુ. પિન્કી પટેલ અને ઍનઍસૅસ રાષ્ટ્રીય પરેડમાં પસંદગી પામેલ દિવેશ રાઠોડને કૉલેજના ાચાર્ય ડૉ. કે જી છાયા તથા કેન્દ્રીય મંત્રીના હસ્તે ઍવોર્ડ એનાયત કરાયા હતા. સંમેલનમાં ૮૦૦ જેટલા યુવાઓએ ભાગ લીધો હતો અને અંતે સમૂહમાં 'હો જાઓ તૈયાર સાથીઓ' ગીતનું ગાન કર્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

રડ્યા વગર તો ડુંગળી પણ નથી કપાતી....
તો આ તો જિંદગી છે....
એ કેમ કપાય!

## સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલનું ગૌરવ



મહેક પટેલ



જિયા ગજ્જર

ગાંધીનગર, તા. ૨૨

સૅન્ટ ઝેવિયર્સ ગાંધીનગરનાં વિદ્યાર્થી જીયા ગજ્જર તથા મહેક પટેલે ખેલ મહાકુંભ અંતર્ગત સૅક્ટર-૨૧ જીમખાના ખાતે આયોજિત જિલ્લાકક્ષાની તરણ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેમાં વિજય પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યું હતું.

જીયા ગજ્જરે અન્ડર-૧૧ વિભાગમાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો અને મહેક પટેલે અન્ડર-૧૪ વિભાગમાં ૧૦૦ મી. બૅક સ્ટ્રોક તથા બ્રેસ્ટ સ્ટ્રોકમાં પ્રથમ સ્થાનનું વિજેતા પદ મેળવ્યું હતું.

બંને વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# કલા ઉત્સવ અંતર્ગત સર્વ વિદ્યાલય પરિસરમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના આદેશાનુસાર કલા ઉત્સવ અંતર્ગત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ચિત્ર સ્પર્ધા, બાળ કવિ સ્પર્ધા, સંગીત વાદ્ય સ્પર્ધા અને ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્યુડીસીમાં સામેલ ૧૧ શાળાઓનાં વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સર્વોત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને રોકડ ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. માધ્યમિક કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં અનુક્રમે જયપ્રકાશ વિદ્યાલયના અરૂમ બઘેલ, એમ બી પટેલ સ્કૂલના હાર્દ પટેલ, વસંતકુંવરબા વિદ્યાલયના કોમલ ચૌહાણ, ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં સ્વામિનારાયણ હાઈસ્કૂલના ડેઈઝી વઘાસિયા, આર જી પટેલ કન્યા શાળાનાં ધુમલ પટેલ, ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ શાળાનાં દેવ જોષી, માધ્યમિક વિભાગની બાળ કવિ સ્પર્ધામાં શેઠ સી ઍમ હાઈસ્કૂલનાં ક્રિષ્ના પરમાર તથા સ્વામિનારાયણ સ્કૂલનાં ખુશી ચૌહાણ અનુક્રમે વિજેતા બન્યાં હતાં. ઉચ્ચતર માધ્યમિક વિભાગની બાળ કવિ સ્પર્ધામાં અનુક્રમે આર જી પટેલ કન્યા શાળાનાં ક્રિના પંડ્યા, વસંતકુંવરબા વિદ્યાલયનાં નિષ્ઠા કંસારા, માધ્યમિક વિભાગની ગાયન સ્પર્ધામાં ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં ઉર્વશી મછાર, સ્વામિનારાયણ હાઈસ્કૂલનાં ખુશી ચૌહાણ, આર જી પટેલ કન્યા શાળાનાં હિમાંશી જાદવ હિમાંશી જાદવ, ઉચ્ચતર માધ્યમિક વિભાગની ગાયન સ્પર્ધામાં આર જી પટેલ કન્યા શાળાનાં અવની કોળીપટેલ, વસંતકુંવરબા વિદ્યાલયના આરતીબા ઝાલા, એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનાં રિયા હુડાની, માધ્યમિક વિભાગની સંગીત વાદન સ્પર્ધામાં આરાધના વિદ્યાલયના આશિષ દંતાણી તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગની સંગીત વાદન સ્પર્ધામાં આર જી પટેલ કન્યા શાળાનાં વિદ્યાર્થી ડિમ્પલ મછાર પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયાં હતાં.

વિવિધ સ્પર્ધાઓના નિર્ણાયકો તરીકે ક્યુડીસીમાં સામેલ શાળાઓનાં શિક્ષકો - બળદેવભાઈ એ પટેલ, સચિનભાઈ જે પટેલ, બિપીનચંદ્ર નાયક, કાન્તાબેન ચૌધરી, મયંકભાઈ પટેલ, જશુભાઈ સુતરિયા, પંકજભાઈ પટેલ, મહેશભાઈ ત્રિવેદી, અનિલભાઈ રાવલ, નારણભી બારોટ, મંજુલાબેન ડોડિયા, મંજુલાબેન ચૌધરી, શર્મિષ્ઠાબેન પટેલે પોતાની સેવાઓ આપી હતી.

# જીટીયુના યુથ ફેસ્ટિવલમાં બીવીઍમ કૉલેજ રનર્સ-અપ



ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા છઠ્ઠો ઈન્ટરઝોનલ યુથ ફેસ્ટિવલ રાજકોટની મારવાડી એન્જિનીયરિંગ કોલેજ ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યો હતો, જેમાં જીટીયુના પાંચ ઝોનની ૧૨૦થી વધુ કોલોજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ યુવા મહોત્સવમાં વિદ્યાનગર ખાતે કાર્યરત બીવીઍમ કોલેજના ૫૦ વિદ્યાર્થીઓએ અલગ અલગ ૧૭ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. કૉલેજ ઈન્ડિયન ગૃપ સોંગ, ડિબેટ અને સ્કિટમાં પ્રથમ, ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટ (પર્કસન), ક્લાસિકલ ઈન્સ્ટ્રુમેન્ટ (નોન પર્કસન), વેસ્ટર્ન ગૃપ સોંગમાં દ્વિતિય અને વન ઍક્ટ પ્લેમાં તૃતિય ક્રમે વિજેતા બની હતી. આ વિજેતા વિદ્યાર્થીઓને પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજિત પટેલ, પ્રૉ. બી ઍસ પટેલ, પ્રૉ. અમિત ભાવસાર, પ્રૉ. આકાર રોગલિયાએ ઉત્સાહપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને સંસ્થાની આ જ્વલંત સફળથા બદલ ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી ઍલ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં ચારૂતર વિદ્યામંડળ અને કૉલેજના સ્ટાફ તરફથી સક્રિય સહકાર પ્રાપ્ત થયો હતો. વિદ્યાર્થી જીઍસ અલય પટેલ, ઍલઆર શ્વેતા ઠક્કર અને કલ્ચરલ સૅક્રેટરી વરુણ દવે, ધ્વનિત શાહ તથા તેમની ટીમે આ સફળતા માટે જહેમત ઊઠાવી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા વિસ્તારમાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના રાજસ્થાનની સરહદ પાસે સ્થિત જાભચિતરીયા તથા અણસોલ ગામ પાસે કુલ ૧૨૪ વૃદ્ધ બહેનોને, વિધવા બહેનોને ૩ કિગ્રી ચોખા તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલમાં ૧૦ બહેનોને એલ્યુમિનીયમનાં તપેલાં તથા તેમનાં બાળકોને કપડાં ભેટ આપવામાં આવ્યાં હતાં. મિલિન્દ ગુપ્તે, નવનીત ત્રિવેદી, પંચાલભાઈ તથા ગામેતીભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

### લેખક જયંત પાઠકના જન્મદિન પ્રસંગે
# અમદાવાદ ખાતે સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરાયું





ગાંધીનગર, તા. ૨૨


ઓમ કમ્યુનિકેશન દ્વારા ગુરુવારે ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, વિવેચક, સંસ્મરણ લેખક જયન્ત હિંમતલાલ પાઠકના ૯૭મા જન્મદિન પ્રસંગે 'વગડાનો શ્વાસ' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જયન્ત પાઠકના જીવન અને સ્મૃતિકથા 'વનાંચલ' વિશે દક્ષા વ્યાસ અને જયન્ત પાઠકની કાવ્યસૃષ્ટિ વિશે સતીષ વ્યાસે વક્તવ્યો આપ્યાં હતાં.

આ પ્રસંગે જયન્ત પાઠકનાં પુત્રી કિન્નરી અને પુત્રવધૂ નીલા પાઠક સપરિવાર આવ્યાં હતાં અને જયન્ત પાઠકની સર્જનયાત્રા માણી હતી. ઉપરાંત જાણીતા કવિ ચિનુ મોદી, હરિકૃષ્ણ પાઠક તથા દક્ષા પટેલ, ઉજમશી પરમાર, ચિરાગ ઠક્કર અનો સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનિષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

# નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન

ગુજરાતી ભાષાનું સતત સંવર્ધન કરનારા સર્જકો યુગેયુગે વંદનીય હોય છે. પંડિત યુગના અનન્ય સાક્ષર, ગાંધીયુગની કવિ પેઢીના આચાર્ય, સ્વભાવે અને સર્જને પ્રયોગવીર તથા પોતાની અદ્વિતિય સાક્ષરતાથી



**પ્રસંગસર**
- સ્વાતિ શુક્લ

ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરી જનારા કવિ બળવંતરાય કલ્યાણરાય ઠાકોરની ૨૩ ઑક્ટોબરે (૧૮૬૯) જન્મજયંતિ છે. ભરૂચમાં જન્મેલા કવી બ ક ઠાકોર પંડિત યુગના સર્જકોમાં લાંબો આયુષ્યકાળ તથા સુદીર્ઘ સર્જનકાળ ધરાવે છે. તેમણે કવિતા, વિવેચન, ઈતિહાસ, ચરિત્ર, નાટક, નવલકથા, અનુવાદ, સંપાદન જેવાં સાહિત્યનાં ક્ષેત્રોમાં પોતાનું પ્રદાન આપ્યું છે.

તેમણે શાળાકીય શિક્ષણ ભરૂચમાં મેળવ્યું હતું અને ઉચ્ચ શિક્ષણ ભાવનગર તથા મુંબઈ ઍલ્ફિન્સન્ટ કૉલેજ અને પૂનાની ડેક્કન કોલેજમાં મેળવ્યું હતું. ડેક્કન કોલેજમાંથી ઈતિહાસ અને અર્થશાસ્ત્રમાં ઍમ એ કર્યું હતું. ત્યારબાદ કરાંચી, વડોદરા, પૂના, અજમેર વગેરે સ્થળોએ ઈતિહાસના અધ્યાપક તરીકે પ્રવૃત્ત રહ્યા હતા. નિવૃત્તિ પછીનો સમય મુંબઈમાં વિતાવ્યો અને અંતિમ શ્વાસ સુધી વાચન, ચિંતન, વક્તવ્ય અને લેખન પ્રવૃત્તિમાં રત રહ્યા.

એમના પાંડિત્યનું દર્શન એમનાં સર્જનોમાં સ્પષ્ટ રીતે વર્તાય છે. ૪૮ વર્ષની વયે પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત કર્યો. તેમની કવિતાનો મોડેથી સ્વીકાર થયો. એનું કારણ એ જ કે ગુજરાતી કવિતાને તેમણે નવી વિભાવના આપી. વિષય, નિરૂપણ, શૈલી, વિચારણામાં તેઓ પ્રયોગશીલ રહ્યા. 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન' આ અમર પંક્તિના રચયિતા આ કવિનો પ્રભાવ ગુજરાતી કવિતા પર ચિરંજીવ રહ્યો છે. સોનેટ એમનો પ્રિય કાવ્યપ્રકાર અને પૃથ્વી એમનો પ્રિય છંદ. એમની કવિતામાં પ્રેમ, મૃત્યુ, મૈત્રી, પ્રકૃતિ, ઈતિહાસ, સમાજલક્ષી ચિંતન, વ્યક્તિત્વ વિકાસ વગેરે વિષયોનું નિરૂપણ જોવા મળે છે. ભણકારો, મ્હારા સોનેટ, આરોહણ, એક તોટેલી ડાળ, વધામણી, પ્રેમની ઉ,ા, પ્રેમનો મધ્યાહ્ન, જૂનું પિયરઘર, મોગરો, એક હાય, સુખદુખ-૧, રાગદર્શન, ચોપાટીને બાંકડે વગેરે તેમની અણમોલ કૃતિઓ છે.

બ ક ઠાકોર આપણા મૂર્ધન્ય ગદ્યકાર પણ છે. તેમની ગદ્યશૈલી પંડિત યુગના કારણે ક્લીષ્ટ છે પરંતુ અદ્‌ભૂત વિચારસામર્થ્ય ધરાવે છે. લગ્નમાં બ્રહ્મચર્ય, સંયોગ વિયોગ, ઊગતી જુવાની, કવિતા શિક્ષણ, પરિષદ પ્રવૃત્તિ (વિવેચન), અંબાલાલભાઈ પંચોતેરમે (ચરિત્ર), પરાશરનાં જીવન ચરિત્રો, સંસ્કૃત લિટરરી ફિટિસિઝમ, દેશભક્તિનો વ્યોમકળશ, રાશેલનો ગૃહત્યાગ (અનુવાદ), આપણી કવિતા સમૃદ્ધિ, યુનાઈટેડ સ્ટેટ્સ (ઈતિહાસ), વ્યાખ્યાનો, હિન્દી ભાષા રોજનીશી વગેરે તમનું સમૃદ્ધ અને વિપુલ ગદ્ય સાહિત્ય છે.

તેમના વ્યક્તિત્વના ઘડતરમાં અને સર્જનમાં કવિ કાન્ત, પત્ની ચંદ્રમણિ, પ્રોફેસર મેકમિલન, પાદરી યુ આર સ્ટોકને પ્રભાવ પડ્યો છે. આરંભના વીસેક વર્ષ તેઓ અદ્વૈતવાદમાં શ્રદ્ધા ધરાવતા હતા અને પછી અજ્ઞેયવાદ પર તેમની શ્રદ્ધા જીવનભર ઠરી હતી.

આ બધાંનું પ્રતિબિંબ તેમની કવિતામાં જણાય છે. લાંબા આયુષ્ય કાળમાં પણ વૃધ્ધત્વે તેમને ડાર્યા નહીં પણ અંતિમ શ્વાસ સુધી અભ્યાસ અને સર્જન ચાલુ રહ્યાં. બીજી જાન્યુઆરી, ૧૯૫૨ના રોજ મુંબઈમાં તેમનું અવસાન થયું. ગુજરાતી સાહિત્યમાં બ ક ઠાકોરનું અર્થસભર ગહન પ્રદાન ચિરંજીવ હતું ને રહેશે.

### શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા દ્વારા
# 'જીવન વિચાર'ની ઉપયોગી ડીવીડી બહાર પાડવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી અને સમ્યક જ્ઞાન આપતી શ્રીમદ વિજય પ્રમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા દ્વારા 'જીવન વિચાર'ની ડીવીડી બહાર પાડવામાં આવી છે, જેમાં વિશ્વમાં રહેલા તમામ જીવોની રસપ્રદ માહિતી, જીવભેદોનું વર્ણન, આપણા જીવનમાં થતી જીવ વિરાધનાથી બચવાના ઉપાયો વગેરેને વણી લેવામાં આવ્યા છે.

બે કલાકનું પ્રવચન ધરાવતી આ આ ડીવીડીની વેચાણ કિંમત માત્ર પંદર રૂપિયા રાખવામાં આવી છે.

સંઘમાં, ધાર્મિક પ્રસંગોમાં, સમાજમાં, મિત્ર મંડળમાં, જન્મદિવસ નિમિત્તે તથા પાઠશાળામાં પ્રભાવના રૂપે આપી શકાય એવી ઉપયોગી આ ડીવીડી છે, જે સૌ માટે ઉપયોગી બની શકે તેવી છે.

આ ઉપયોગી ડીવીડી મેળવવા માટે શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કત પાઠશાળા, સંઘવી રૂગનાથમલજી સમરથમલજી દોશી ભવન, તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર, પો. સુઘડ, જિ. ગાંધીનગર (મો. ૯૩૨૮૬ ૮૧૧૪૫)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.